Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)

BAOU Education for All

NAAC ACCREDITED A++ GRADE 3.55/4 | Accorded with CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY by UGC | Open University Category 3rd Rank nirf 2024 | Accorded with 12(B) status by UGC

# 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# નારીકેન્દ્રી સંશોધનલેખ

- **પ્રસ્તાવના:**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે "ગાર્ગી" – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર વર્ષ – 2019 થી કાર્યરત છે જે કન્યા કેળવણી, આત્મનિર્ભર નારી, મહિલા સુરક્ષા, નારી ઉત્કર્ષ તથા રાષ્ટ્રનિર્માણમાં મહિલાની સહભાગિતા પર ધ્યાન કેન્દ્રિત કરીને મહિલાઓના સર્વાંગીણ વિકાસ માટે કામ કરે છે. અહીં, સમાજના વિવિધ સ્તરોની મહિલાઓને સફળતા તરફની તેમની યાત્રા શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. સમાજમાં સેક્સ વર્કર્સ, ટ્રાન્સ-જેન્ડર, શારીરિક વિકલાંગ, વિધવા, આદિવાસી, ગ્રામીણ અને શહેરી મહિલાઓ જેવાં વિવિધ વર્ગ અને વયજૂથની મહિલાઓ, પોતાને આ કેન્દ્ર સાથે જોડીને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તનના સાક્ષી બન્યા છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "ગાર્ગી" – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અંતર્ગત મહિલાલક્ષી સંશોધન અન્વયે મહિલા સંશોધકોને આમંત્રિત કરીએ છે. નીચે દર્શાવેલ વિષય પર આપના ધ્વારા સંશોધન લેખ આવકાર્ય છે.

- **સંશોધન લેખ વિષય:**
- ભારતીય ચિંતનમાં મહિલા
- સ્થાનિક મહિલાઓની સમસ્યા અને નિવારણ
- ભારતના વિકાસમાં મહિલાઓની ભૂમિકા
- **લાયકાત:** સંશોધન લેખ માટે વિવિધ ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓ માટે સમાન તક છે. વિદ્યાર્થી બહેનો, સંશોધન ક્ષેત્રે કામ કરતી મહિલાઓ, શિક્ષણ તથા મહિલા વિકાસના ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓને ભાવપૂર્વક નિમંત્રણ છે.
- **ભાષા તથા સામગ્રી:** ઉપરોક્ત દર્શાવેલ વિષય પર આપ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અથવા સંસ્કૃત ભાષામાં સંશોધન લેખ લખી શકો છો. આ સંશોધન લેખ 3000 થી 3500 શબ્દોનો અને તેનો સારાંશ (Abstract) 150 થી 200 શબ્દોનો હોવો જરૂરી છે. ફોન્ટ સાઈઝ 14 in Heading (Bold), 12 in subheadings or manuscript, MS Word Shruti (Body CS)
- **સમીક્ષા તથા પ્રકાશન:** આપના ધ્વારા મોકલેલ સંશોધન લેખની સમીક્ષા અનુભવી તજજ્ઞ/વિદ્વાનો ધ્વારા કરવામાં આવશે તથા સમીક્ષા સમિતિ ધ્વારા પસંદ થયેલ સંશોધન લેખ ISBN સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ધ્વારા સંપાદિત પુસ્તકમાં પ્રકાશિત થશે તથા પસંદ થયેલ સંશોધન લેખના લેખકને પ્રકાશિત પુસ્તકની એક નકલ વિના મૂલ્યે આપવામાં આવશે તથા પ્રતિક પુરસ્કારની જોગવાઈ કરીશું.
- **અંતિમ તારીખ:** આપશ્રી ધ્વારા ઉપરોક્ત દર્શાવેલ વિષય પર લખેલ સંશોધન લેખ gargi.research@baou.edu.in ઈમેઈલ આઈડી પર તા. 31/12/2024 સુધીમાં મોકલવાનો રહેશે. અંતિમ તારીખ બાદ મળેલ સંશોધન લેખ સ્વીકારી શકાશે નહિ જે ધ્યાને લેવા વિનંતી.
- **મહત્વપૂર્ણ નોંધ:** સંશોધન લેખ મૌલિક અને પ્રમાણભૂત હોવો જરૂરી છે. લેખમાં કોઈપણ પ્રકારની કોપી કરેલી સામગ્રી (Plagiarism) સ્વીકાર્ય રહેશે નહિ.

**આભાર**